જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૮/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૫૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૪૦૨ લીટર દેશી દારૂ, ૨૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૩૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૫ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ, ૦૩ સ્કુટર, ૧ કાર અને ૦૨ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨૪ કેસ કરી, ૧૪૮ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩,૭૭,૪૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૫૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૫૬/૨૦૨૫**

ઓઢવઃ જયેશભાઈ મગનભાઈ પરમાર (ઉ.વ.૭૪) (રહે. કૌટીલ્ય પ૬ એપાર્ટમેન્ટ નિગમનગર ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૧૫/૦૮/૨૦૨૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૨૫ થી તા.૧૪/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ વિરાટનગર પદ્મશાલી વિભાગ–૦૨ ખાતે પોતાના મકાનના દરવાજાના તાળાં તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૫૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૬,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૬૧,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.ક્રીચ્યન ચલાવે છે.

જીવ–જંતું કરડી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૫૭/૨૦૨૫**

નિકોલઃ નિકોલ ગુરૂકુલ સામે "નેસ્ટ રીચમંડ" સાઇટ ખાતે રહેતા દિલીપભાઈ સ/ઓ ભુંડાભાઈ ખડીયા (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ–કોટનાઈ પો.સ્ટ.–ખાલખંડવી થાના–થાંદલા તા–મેઘનગર જી–જાબુંઆ મધ્યપ્રદેશ) નાઓ તા.૧૫/૦૮/૨૦૨૫ રાતના સમય એ સાઈટ ખાતે સુતા હતા ત્યારે દિલીપભાઈ ખડીયાના હાથના પંજા ઉપર જીવ–જંતું કરડી જતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન સવારના ૯/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભાવેશકુમાર રમણિકલાલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૫૮/૨૦૨૫**

રામોલઃ ભવ્ય ચેતનભાઇ પટેલ (ઉ.વ.૨૧) (રહે. ચાહત રેસીડેન્સી ન્યુ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૮/૨૦૨૫ રાતના ૮/૫૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાર્તીકભાઇ ચલાવે છે.

વટવાઃ વટવા નવાપુરા મોહમદીનગર ખાતે રહેતા મોહમદજમા મહેદીહસન અંસારી નાઓના સગીર વયની પુત્રી એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૫ બપોરના ૩/૦૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.પી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી